

શહેરના સે-૨ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે આજ રોજ ૧૪મો પાટોત્સવ યોજવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ મંદિરમાં ૧૪મો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જેમાં યજમાન તરીકે મનવેશ મનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ મંદિરના મહંતશ્રી ધ્યાનીસ્વામીના આશીર્વાદથી પાટોત્સવ ઉજવવામાં આવ્યો. પાટોત્સવમાં દેશ વિદેશથી ચાર હજાર જેટલા ભકતો ઉપસ્થિત રહ્યા હતા. પાટોત્સવની શરૂઆત સવારે ૭ કલાકથી કરવામાં આવી હતી. જેમાં ભગવાનને પંચામૃત ધરવામાં આવ્યું હતું. અને સવારે ૯-૦૦ કલાકે સેકટરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા બાદ મંદિર ખાતે ૯ થી ૧૨ કલાક દરમિયાન સત્સંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પાટોત્સવમાં ભગવાનને ૧૫૧ જેટલી વાનગી અન્નકૂટમાં ધરાવવામાં આવી હતી. ત્યારબાદ ભાવિ ભકતોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

# મોબાઈલ ટાવર નાંખવાની ટચુકડી જાહેરખબરે દાટ વાળ્યો

## બેંક ખાતાના નંબરોમાં રૂપિયા ૧.૮૦ લાખ ભરાવી છાલાના રહીશને છેતરી લીધા

ચિલોડા, તા.૭

છાલા ગામના રહીશ મણીભાઈ હેમંતભાઈ પટેલે મોબાઈલ ટાવર માટે જગ્યા માટેની ટચુકડી જાહેરખબર વાંચતા જણાવ્યા પ્રમાણે ફોન કર્યો હતો ત્યારે ગગનરમણ નામના શખ્સે ફોન ઉપાડતા રજીસ્ટ્રેશન કરવા માટે એસબીઆઈ બેંકનો ખાતા નબર આપતાં મણિભાઈએ ૨૨૦૦રૂ. ભર્યા હતા. ત્યારબાદ ટાવરને લગતા નિયમો દર્શાવતું કવર સ્પીડ પોષ્ટમાં ઘરે આવ્યું હતું. જેમાં સાહિત્ય સાથે સંપર્ક કરવા જણાવ્યું હતું. જેથી મણીભાઈ પટેલે ફરી નંબર પર ફોન કર્યો ત્યારે ટાવર લગાડવા સર્વિસ ટેક્ષ સરકારી ટેક્ષ પેટે રૂ. ૪૫ હજાર ભરવા રવિન્દ્ર ગુપ્તા અને મનોજ વાદીયાના ખાતામાં જણાવ્યા પ્રમાણે જમા કરાવ્યા હતા. ત્યારબાદ એક મહિલાએ ફોન દ્વારા કહ્યું કે તમારું રજીસ્ટ્રેશન થયું છે. તમારા નામનો ૩૫ લાખનો ચેક આવશે? તેના પેટે કંપનીના નિયમ મુજબ રૂ. ૩૫ હજાર ભરવાનું કહેતા તુરત બેંક ખાતામાં ભરી દીધા હતા. ત્યારબાદ ફરી મહિલાએ ફોન દ્વારા કહ્યું તમારે ઘરે વકીલ અને સર્વેયર એગ્રીમેન્ટ કરવા આવે ત્યારે રૂ. ૮૦હજાર ભરવા પડશે. તો ફરી રૂ. ૮૦હજાર બેંક ખાતામાં જમા કરાવ્યા બાદમાં સિકયુરિટીના નામે રૂ. ૨૦ હજાર જમા કરાવ્યા ત્યારે કહેવામાં આવ્યું કે તમારે ત્યાં એક ટીમ આવશે પરંતુ કહ્યા પ્રમાણે ટીમના દર્શન થયા નહિ દરમિયાન નંબર પરના સંપર્ક કર ફોન કરતા ફોન બંધ હાલતમાં જણાયો. મણીભાઈ પટેલે સરનામે પત્ર લખ્યો પણ સરનામું ખોટું હોવાથી પત્ર પરત આવ્યો અંતે છેતરપીંડીનો અહેસાસ થતાં સાતેય આરોપીઓ સામે ગુન્હો નોંધતાં પી.એસ.આઈ. એમ.સી. ગોહિલ તપાસ ચલાવી રહ્યા છે.

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન માટે - | રૂ. ૨૨૦૦ |
| સર્વિસ ટેક્ષ અને સરકારી ટેક્ષના - | રૂ. ૪૫૦૦૦ |
| ૩૫ લાખનો ચેક-રજીસ્ટ્રેશન પેટે - | રૂ. ૩૫૦૦૦ |
| વકીલ અને સર્વેયર એગ્રીમેન્ટ પેટે | રૂ. ૮૦૦૦૦ |
| સિકયુરીટીના નામે | રૂ. ૨૦૦૦૦ |

જુદા જુદા ખાતામાંના નંબરમાં દર્શાવ્યા પ્રમાણે રૂપિયા ભર્યા હતાં.

# ઘ-૭ પ્રેસ સર્કલ પાસે ટ્રેકટરની ટકકરે બાઈકચાલકનું મોત

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર પ્રેસ સર્કલ ઘ-૭થી ચ-૭ તરફ જતા માર્ગ પર સવારના સુમારે બાઈક લઈ સેકટર-૨ ૩ના દંપતિ પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પુરપાટ ઝડપે ટ્રેકટર લઈ આવેલા ટ્રેકટર ચાલકે બાઈક સવાર દંપત્તિને અડફેટે લીધા હતા જેમાં બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત થવા પામ્યું હતું. જયારે મહિલાને શરીરે ઈજાઓ થતા સારવાર થઈ રહી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સે-૨ ૩માં રહેતા નાનજીભાઈ સોલંકી તથા તેમની પત્ની શારદાબેન સોલકી બંને બાઈક નં. જીજે-૧૮ એ.જે. ૯૪૭૪ લઈ ઘરેથી બાઈક પર નિકળ્યા હતા. દરમિયાન સવારે ૧૦ કલાકના અરસામાં ઘ-૭ થી ક-૭ તરફના માર્ગ પર જઈ રહ્યા હતા ત્યારે સ્વરાજ ટ્રેકટર નં. જીજે-૧ એફ.કયુ ૨૪૬૯ લઈ પાછળથી પુરપાટ ઝડપે ટ્રેકટરનો ચાલક આવી રહ્યો હતો. બેફામ ગતિએ ટ્રેકટર ચાલકે ટ્રેકટર હંકારી આગળથી પસાર થતા બાઈક ચાલકને અડફેટે લઈ જોરદાર ટકકર મારી હતી. આથી બાઈક સવાર દંપતિ માર્ગ પર પટકાયા હતા અને ટ્રેકટર ચાલક ટ્રેકટર માર્ગમાં મુકી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત દંપતિને ગાંધીનગર બાદ અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયાં નાજીભાઈ સોલંકીનું સારવાર દરમિયાન કરુણ મોત નિપજયું હતું. આ સંદર્ભે મૃતકના સંબંધી નિતિનભાઈ સોલંકીની ફરિયાદના આધારે સે-૨૧ પોલીસે અકસ્માત સર્જી નાસી છૂટનાર ટ્રેકટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. જે અંગે પી.એસ.આઈ. આર.આર. રાઠવા તપાસ કરી રહ્યા છે.



ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાયન્સ કલબ ગાંધીનગર અને લીયો કલબ દ્વારા ફ્રી નેત્રનિદાન કેમ્પ, ડાયાબીટીશ ચકાસણી અને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૩૫૦ વ્યક્તિઓએ લાભ લીધો હતો. ૩૨ મોતીયાના ઓપરેશન કરવામાં આવશે. ૩૨૩ ચશ્માનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે લાયન્સ પ્રમુખ રૂચિર ભટ્ટ, સેક્રેટરી પિયુશ શાહ, હરીશ ત્રિવેદી, નટુભાઈ સોલંકી, મોહનભાઈ પરમાર, લીયો સેક્રેટરી નિર્મલ અડાલજા અને ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# કલ્યાણપુર પાટીયા પાસે ૪૦૭ ટ્રક પલ્ટી ખાતા બેને ઈજાઓ

## બંને ઈજાગ્રસ્તો ધોળાકુવાથી ઉનાવા ઘોઘા બાપાના મહોત્સવમાં જતા હતા અને અકસ્માત નડયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક બાલવા લિંબોદ્રા માર્ગ પર કલ્યાપુર પાસે આજે બપોરે ૧ વાગ્યાના સુમારે અચાનક જ ૪૦૭ ટ્રક માર્ગ પર પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં ટ્રક ચાલક સહિત બેને ગંભીર ઈજાઓ થતા ગાંધીનગર સિવિલમાં લાવવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

માણસા તાલુકાના ધોળાકુવા ગામે રહેતા મંગાજી પુંજાજી ઠાકોર ઉ.વ. ૭૦ અને બાબુજી કાનાજી ઠાકોર ઉ.વ.૨૨ આજે બપોરના ધોળાકુવાથી ઉનાવા ઘોઘા બાપાના મંદિરે મહોત્સવમાં દર્શન કરવા ૪૦૭ ટ્રક લઈ જઈ રહ્યા હતા દરમિયાન બાલવા લિંબોદ્રા માર્ગ પર કલ્યાણપુર પાટીયા પાસે પહોંચતા ચાલક મંગાજી ઠાકોરે અચાનક જ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી અને બે ત્રણ ગુલાટી ખાઈ આશરે ૧૫ ફુટ દુર ફેંકાઈ ગઈ હતી. જેમાં ચાલક અને અન્ય એક શખ્સને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલમાં ખસેડવામા આવ્યા હતા. જયાં ચાલક મંગાજીની હાલત વધુ નાજુક જણાતા ગાંધીનગર સિવિલના તબીબોએ અમદાવાદ સિવિલમાં ખસેડવા તજવીજ હાથ ધરી છે. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરના 'અંતિમ વિસામો' ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૭

જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ગાંધીનગરના અંતિમ વિસામો (મુકિતધામ) ખાતે તા. ૧૦ ડિસેમ્બરના રોજ રાત્રે ૮-૦૦ કલાકે અનામી દિવંગત આત્માઓને મોક્ષ મળે તે માટે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના સે-૩૦ના છેવાડે આવેલ મુકિતધામ ખાતે પાટનગરમાં પ્રથમ વખત સુંદરકાંડ પાઠ યોજવામાં આવનાર છે. આ સુંદરકાંડ પાઠ અશ્વિનભાઈ પાઠકની વ્યાસપીઠે યોજવામાં આવશે. શહેર ખાતે સિવિલ કપાઉન્ડમાં જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ત્યારે સ્મશાનગૃહ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજનનું પગલું સરાહનીય છે તેમ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગરનું સ્મશાનગૃહ હવે પ્રચલિત થઈ રહ્યું છે. સ્મશાન ગૃહમાં મુકવામાં આવેલી દેવી દેવતાઓની મૂર્તિઓના દર્શનથી અંતિમવિધિ માટે આવનારનો પોતાના સ્વજન ગુમાવ્યાનો બોજ હળવો થાય છે. મૂર્તિઓમાં શિવ પાર્વતી, રાધા-કૃષ્ણ જેવા ભગવાનની મૂર્તિઓ મુકવામાં આવી છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા શ્રીશ્રી યોગ શિબિર

આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર ચેપ્ટર દ્વારા તા. ૧૦મી ડિસેમ્બરથી તા. ૧૪મી ડિસેમ્બર દરમ્યાન શ્રીશ્રી યોગ સિબિરનું આયોજન કરવામાં આવ્યુંછે. આ શિબિરમાં સરળ આસનો, પ્રાણાયામ તથા ધ્યાન વગેરે જરૂરી જ્ઞાન સાથે શીખવવામાં આવનાર છે. જીવનમાં તણાવ ઉત્પન્ન થાય છે તે દૂર કરીને માનસિક શાંતિ તથા શારીરિક સ્વસ્થતા પ્રાપ્ત કરવામાં સહાયરૂપ બનતા આ યોગ વડે હાલમાં ચાલી રહેલી વાયરલ બિમારીઓ જેવી કે ચીકનગુનિયા વગેરેમાં રાહત મળી રહે છે. આ યોગ શિબિર ૧૦મીથી ૧૪મી ડિસેમ્બર દરમ્યાન સવારે ૬ થી ૮ અને સાંજે ૭ થી ૯ વાગ્યા દરમ્યાન સેકટર-૧૧ માંઆવેલા મેઘમલ્હાર કોમ્પલેક્ષના બીજા માળે યોજાશે.

# સેકટર-૨માં ગુન્હાનો ગ્રાફ વધતા પોલીસ આખરે હરકતમાં આવી

## સે. ૨માં પોલીસે ભાડુઆત, ફેરીયાવાળા અને લારીગલ્લાવાળા અંગે માહિતી મેળવવા પુછપરછ કરી પોલીસ પોઈન્ટ મુક્યા

ગાંધીનગર, તા. ૭

શહેરના પોશ વિસ્તાર તરીકે ઓળખાતા સે. ૨માં ધોળે દિવસે બે ચોરીનો પ્રયાસ તેમજ ચીલઝડપના ગુન્હા બનતા પોલીસ હરકતમાં આવી છે. અને સમગ્ર વિસ્તાર સઘન પેટ્રોલિંગ અને હથિયારબંધ પોલીસના પોઈન્ટ ગોઠવી દીધા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના પોસ વિસ્તાર તરીકે ગણાતા સેક્ટર-૧, ૨, ૮ માં રાજ્યના ઉચ્ચ નિવૃત્ત અને ચાલુ અધિકારીઓ રાજકારણીઓ તેમજ ઉદ્યોગપતિ અને વેપારી અગ્રણીઓ નિવાસ કરે છે. જ્યાં છેલ્લા ૩-૪ દિવસમાં ૨ ચોરીના પ્રયાસ અને ૧ ધોળા દિવસે મહિલાના ગળામાંથી ચીલઝડપના કિસ્સા બન્યા હતા. આથી આખરે ૩ દિવસે સેક્ટર-૭ પોલીસ બરોબર હરકતમાં આવી હતી અને સમગ્ર દિવસ દરમિયાન આજે મહિલા પોલીસ તેમજ પોલીસ કર્મીઓએ સેક્ટર-૨માં સઘન પુછપરછ હાથ ધરી હતી અને રહીશોના મકાનમાં રહેતા ભાડુઆતો, ફેરીયાવાળા અને લારી ગલ્લાવાળાની પણ પુછપરછ કરી જરૂરી પુરાવા રજુ કરવા જણાવ્યું હતું. અને માહિતી મેળવી હતી જ્યારે સમગ્ર સે. ૨માં અધિકારીના મકાનોની આસપાસ હથિયાર બંધ પોલીસ કર્મીઓના પોલીસ પોઈન્ટ પણ ગોઠવી દેવામાં આવ્યા છે. પોલીસે ઘટના પહેલા જ યોગ્ય પોલીસ પેટ્રોલિંગ અને પુછપરછ હાથ ધરી તપાસ કરી હોત તો આ ઘટના ન બની હોત તેવું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ચિલોડા ખાતે ગ્રામસભા યોજાઈ વિવિધ મુદે ચર્ચા

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના મુખ્ય ચિલોડા ગામે ડે. સરપંચ કિરીણકુમાર ઠાકોરના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા યોજાઈ હતી. જેમાં બેટી બચાવો, મહિલા સશક્તિકરણ, ખિલખિલાટ, મહિલા ગામસભા શિબિરો, મધ્યાહન યોજનાના અમલીકરણની સમજૂતિ ગ્રામના સી.સી. રોડ, જાહેર શૌચાલયો, ગૃહશૌચાલયો, પ્રાથમિક શાળાના પટાંગણમાં માટી પુરાણ, ગુડા દ્વારા બનતા રસ્તા અંગે, રાજીવ ભવન અંગે, અમુક વિસ્તારો રોડથી વંચિત, વર્ક ઓડરો, વિવિધ મુદ્દે ખુલ્લા મનથી ગ્રામપંચાયતના સદસ્યો, પ્રાથમિક શાળા શિક્ષકો, આંગણવાડી બહેનો તથા ગામના અગણી આગેવાનો ઉપસ્થિત રહી ચર્ચા દ્વારા રજૂઆત કરી હતી. આસિસ્ટન ટી.ડી.ઓ. વી.એ. સોની સાહેબ ઈન્ચાર્જ તલાટી કમ મંત્રી ઈન્દુભાઈ નાયી તથા સાદરા ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપિકા જ્યોતિબેન લાંબા ઉપસ્થિત રહ્યા હતા.




કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલીત ગાંધીનગર ખાતે સે. ૨૩ બીએડ. કોલેજમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા ગુજરાતી અને અંગ્રેજી ભાષાના સેમીનાર યોજાઈ ગયો. જેમાં ફેકલ્ટી એજ્યુ. નાં ડીન ડૉ. વીણાબેન પટેલ, બીએડ અંગ્રેજી વિભાગનાં કુસુમબેન જાદવ, કારકિર્દી માર્ગદર્શન બી.સી. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦

સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ હંગર ગેમ: કેચિંગ ફેરી (હિન્દી) : ૯.૪૦, ૩.૪૦, ૯.૪૦

કલબ-૬૦ : ૧૨.૪૦

હેપ્પી ફેમીલીયા પ્રા.લિ. : ૬.૪૦

: સ્ક્રીન-૨ :

આર. રાજકુમાર : ૯.૫૫, ૧૨.૫૫, ૩.૫૫, ૬.૫૫, ૯.૫૫

: સ્ક્રીન-૩ :

આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :

આર. રાજકુમાર : ૧૦.૪૦, ૧૦.૪૦

રામલીલા : ૧.૪૦, ૭.૪૦

બુલેટ રાજા : ૪.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

બુલેટ રાજા : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

રામલીલા : ૪.૦૦

### સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

● આર્ટલવર્સ દ્વારા ફિરોજ મહેતા અને અપરા મહેતાનું અભિનીત નાટક 'આવ તારું કરી નાખું' રાત્રે ૯.૧૫ કલાકે.

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. કિર્તીકુમાર દલપતસિંહ ચાવડા (ઉ.વ. ૪૩) પ્લોટ નં. ૧૧૫૮, શીવમ સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. જીતેન્દ્રભાઈ જયશંકર વ્યાસ (ઉ.વ. ૫૭) પ્લોટ નં. ૪૧૮/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.